PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website www.pgvcl.com ઈ–મેઈલ forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/કવા–૦૧/૧૮–૧૯/ 4635-3 તા. 26-07-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રમેશભાઈ જીણાભાઈ ભરડા,
ગામ: શીલ
તા.માંગરોળ,
જી. જુનાગઢ
મો: ૯૫૫૮૪૮૯૦૦૨

**વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી તા. ૧૪–૦૫–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૫/કવા–૦૧/૧૮–૧૯ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે

જે આમને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ
.... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. :સીજીઆરએફ : ૪૫/ક્વા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૦૩–૦૭–૧૮ સ્થળ : પોરબંદર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રમેશભાઈ જીણાભાઈ ભરડા, ગામ: શીલ

રજુઆત કરનાર: અરજદાર રમેશભાઈ જીણાભાઈ ભરડા હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ)

રજુઆત કરનાર : – પી.એલ.ગોહિલ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ,માંગરોલ

---

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ ગામ:શીલ ખાતે ના સર્વે નંબર: ૧૬૧ / પૈકી ૨ માં થ્રી ફેઇઝ જોડાણ માટે ની અરજી સબંધક પેટા વિભાગીય કચેરી મા કરેલ છે. તેઓની જમીન ની પશ્ચિમ દિશામા લક્ષ્મણભાઈ જાદવભાઈ ભરડા ની જમીન આવેલ છે. પશ્ચિમ દિશામા ગાડા મારગ આવેલ હોવા છતા – લક્ષ્મણભાઈ જાદવભાઈ દ્વારા –તે ગાડા મારગ ને પોતાની માલીકી નો રસ્તો હોવાનુ – ખોટી હકીકતો જણાવી વાંધા અરજી કરેલ છે.<br>સબંધક કચેરી ના નાયબ ઈજનેર દ્વારા – તા.૨૬–૦૨–૧૮ ના રોજ સ્થળ પર ના રોજકામ મા – ગાડા મારગ હોવા છતા – સેઢો દર્શાવેલ છે. લક્ષ્મણભાઈ જાદવભાઈ ભરડા દ્વારા – તેઓએ – અરજદાર ના જોડાણ સામે કરેલ વાંધા અરજી મા વીજલાઈન તેમના ખેતર પરથી પસાર થાય છે, તેમ દર્શાવેલ છે. પરંતુ, અમારી માંગણી મુજબ ની વીજલાઈન – તેઓના ખેતર પરથી પસાર ન થતી હોવાનુ રોજકામ મા દર્શાવેલ છે.પરંતુ, વીજલાઈન ગાડામારગ માથી જતી હોવાનુ રોજકામ મા દર્શાવેલ છે.આમ, નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવેલ કે, શ્રી રમેશ જીણા ભરડા ગામ શીલ દ્વારા ખેતીવાડી વીજ જોડાણ માટે તા.: ૧૫-૧૦-૨૦૧૨ ના રોજ પેટા વીભાગીય કચેરી માંગરોળ ગ્રામ્ય મા ડાર્કઝોન-એસપીએ યોજના હેઠળ અરજી કરેલ – જેના એસ.આર.નં. ૪૨૭૫૮૬૨ છે ડાર્કઝોન યોજના હેઠળ કરેલ ડ્રોમાં આવેલ અગ્રતાક્રમ નં. ૧૩૭૫ અન્વયે અરજી ને તા. ૨૭-૧૧-૨૦૧૬ થી - ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીને મોકલવામાં આવેલ. ત્યારબાદ માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સર્વે કરી અરજદારને ૧૩.૦૧.૨૦૧૭ તારીખે અંદાજપત્ર આમવામાં આવેલ. જે અંદાજપત્ર અરજદાર દ્વારા ૨૩.૦૧.૨૦૧૭ તારીખે ભરપાઈ કરવામાં આવેલ. કોન્ટ્રાક્ટર દ્વારા સ્થળે કામ કરવા જતા લખમણ જાદવ ભરડા દ્વારા વાંધો લેવામા માં આવેલ જેનું નાયબ ઇજનેર માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ ઉપર રોજકામ તા. ૧૭.૦૨.૧૭ ના રોજ કરવામાં આવેલ. રમેશ જીણા ભરડાને વાંધા નુ સમાધાન કરવા અંગે તા ૨૫.૦૩.૨૦૧૭ ના રોજ પત્ર આપવામાં આવેલ. ત્યારબાદ લખમણ જાદવ ભરડા દ્વારા માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીમાં તા. ૧૨.૦૪.૨૦૧૭ ના રોજ વાંધા અરજી આપવામાં આવતા સદર કેસને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાં મોકલવામાં આવેલ. જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાંથી કેસ તા. ૦૮.૦૬.૨૦૧૭ ના રોજ અપુરતી વિગત સાથે પરત આવેલ. જે માંગરોળ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા નિરાકરણ કરી ફરી તા. ૧૪.૦૩.૦૨૦૧૮ ના રોજ જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાં મોકલવામાં આવેલ છે. વધુમાં પેટા વિભાગીય કચેરી |

| | |
|---|---|
| | દ્વારા અરજદાર તેમજ વાંધેદાર બંને ને તારીખ ૨૧.૦૬.૨૦૧૮ ના રોજ લેખિત જાણ કરી તારીખ ૨૫.૦૬.૨૦૧૮ ના રોજ પક્ષના હલ અનુસંધાને હાજર રહેવા અર્થે જણાવેલ પરંતુ કોઈ હાજર રહેલ નથી. જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાંથી કોઈ નિર્ણય હજુ સુધી આવેલ નથી. હાલ તેઓને સ્મૃતિપત્ર તા. ૨૯.૦૬.૨૦૧૮ ના રોજ પાઠવેલ છે. |

મુદ્દા નં.–૩ : નિષ્કર્ષ

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ના મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે, શ્રી રમેશ જીણા ભરડા ગામ શીલ દ્વારા ખેતીવાડી વીજ જોડાણ ડાર્કઝોન-એસપીએ યોજના હેઠળ મંજુર કરાયેલ જોડાણ બાબતે – કોન્ટ્રાક્ટર દ્વારા સ્થળે કામ કરવા જતા લખમણ જાદવ ભરડા દ્વારા વાંધો લેવામાં માં આવેલ – જે વાંધા અન્વયે નુ નિરાકરણ ન થતા – પેટા વિભાગીય કચેરી દ્વારા ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે – તા. ૧૨.૦૪.૨૦૧૭ ના રોજ વાંધા અરજી આપવામાં આવતા સદર કેસને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાં મોકલવામાં આવેલ જે તા.૦૮.૦૬.૨૦૧૭ ના રોજ અપુરતી વિગત સાથે પરત થતા આશરે ૦૯ માસના વિલંબ બાદ – પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી પૂર્તતા કરી તા. ૧૪.૦૩.૦૨૦૧૮ ના રોજ જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાં મોકલવામાં આવેલ છે. સદર બાબતે – વાંધાના નિરાકરણ અન્વયે – અરજદાર અને વાંધેદાર બંને ને પેટા વિભાગીય કચેરી દ્વારા તારીખ ૨૧.૦૬.૨૦૧૮ ના રોજ લેખિત જાણ કરી તારીખ ૨૫.૦૬.૨૦૧૮ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ કોઈ હાજર રહેલ નહતા. સદર બાબતે હાલ – જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાંથી કોઈ નિર્ણય હજુ સુધી આવેલ નથી. જે અન્વયે હાલ તેઓને સ્મૃતિપત્ર તા. ૨૯.૦૬.૨૦૧૮ ના રોજ પાઠવેલ છે. આમ, સદર કેસ જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીમાં ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર હોય – નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – એટલેકે ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર હોય તેવા કેઈસો ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોક્ત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરેકરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.–૪ : હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – એટલેકે ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર હોય તેવા કેઈસો ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોક્ત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.પાનેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધિત હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે.

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\A JUDGEMENT FOLDER\17 MAR 17\RURAL RAJKOT – 28-5-18.doc

(212)